# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૦૨ /૨૦૧૮,
## તા. ૬ /૬ /૨૦૧૮

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે શાહપુરમાં મેટ્રો સ્ટેશનના ચાલનાર બાંધકામ અનુસંધાને તા.૧૯/૧૦/૨૦૧૮ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબનો રસ્તો એક માર્ગીય અને ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત શાહપુરમાં મેટ્રો સ્ટેશનનું બાંધકામ શરુ કરવાનું હોય જેથી દિલ્હી દરવાજા તરફથી આવતો અને શાહપુર ચોકી તરફ જતો રોડ મુસ્લીમ કબ્રસ્તાન તરફ જવાના રસ્તે (મહેંદી કુવા તરફ) ના કટથી શરુ કરી શાહપુર ચોકી શાહપુર ચાર રસ્તા તરફ જતો માત્ર એક સાઇડનો રોડ વાહન વ્યવહાર માટે બંધ રહેશે એટલે કે વન-વે રહેશે. તેમજ મહેંદી કુવા તરફ જતો કબ્રસ્તાનની બાજુવાળો રસ્તો પણ વાહન વ્યવહાર સારુ વન-વે રહેશે એટલે કે મહેંદી કુવા તરફથી (કસ્તુરબા ગાંધી માર્ગ) મુસ્લીમ કબ્રસ્તાન તરફ આવી શકાશે પરંતુ (કસ્તુરબા ગાંધી માર્ગ) મુસ્લીમ કબ્રસ્તાન તરફથી મહેંદી કૂવા તરફ જઇ શકાશે નહી. તેમજ અદ્વૈત આશ્રમ તરફથી શાહપુર ચાર રસ્તા તરફ આવી શકાશે નહી. તેમજ શાહપુર ચાર રસ્તાથી રાહત સર્કલ તરફ જઇ શકાશે નહી એટલે કે તે રસ્તો વન-વે રહેશે અને ફક્ત રાહત સર્કલથી શાહપુર ચાર રસ્તા તરફ જ જઇ શકાશે.

**વૈકલ્પિક રૂટ :**

(૧) દિલ્હી દરવાજા તરફથી આવતા અને ઇન્કમટેક્ષ તરફ જતા વાહનો દિલ્હી દરવાજા ચાર રસ્તાથી શાહપુર દરવાજા તરફના મુખ્ય રોડ ઉપર થઇ (કસ્તુરબા ગાંધી માર્ગ) પર જઇ મુસ્લીમ કબ્રસ્તાન ટી જંકશન પાસેથી રોંગ સાઇડે જઇ શાહપુર ચાર રસ્તા થઇ ઇન્કમટેક્ષ તરફ જઇ શકશે.

(૨) ઇન્કમટેક્ષ તરફથી આવતા અને દિલ્હી દરવાજા તરફ જતા વાહનો ગાંધીબ્રિજ ક્રોસ કરી અદ્વૈત આશ્રમ પાસેથી સહેજ ડાબી તરફ વળી રાહત રેસ્ટોરંટ ચાર રસ્તા થઇ શાહપુર ફાયર સ્ટેશન થઇ મહેંદીકૂવા ચાર રસ્તા થઇ સરકારી લીથોપ્રેસ સર્કલ (દૌલતગીરી મહારાજ ચોક) થઇ દિલ્હી દરવાજા ચાર રસ્તા તરફ જઇ શકશે.

(૩) ઇન્કમટેક્ષ તરફથી આવતા અને દુધેશ્વર અથવા લાલાકાકા હોલ તરફ જતા વાહનો અદ્વૈત આશ્રમ થઇ રાહત રેસ્ટોરંટ ચાર રસ્તા થઇ મારવાડીની ચાલી થઇ લાલાકાકા હોલ તરફ અને દુધેશ્વર તરફ જઇ શકાશે.

(૪) દિલ્હી દરવાજાથી આવતા અને દુધેશ્વર તરફ જતા વાહનો દિલ્હી દરવાજા ચાર રસ્તાથી બી.જી.ટાવર ત્રણ રસ્તા થઇ સરકારી લીથોપ્રેસ થઇ તાવડીપુરા ચાર રસ્તા થઇ દુધેશ્વર તરફ જઇ શકશે.

(૫) શાહપુર અંદરની તરફ જવા માટે શાહપુર દરવાજા થઇ શાહપુર જુના પાવર સ્ટેશન તરફ તેમજ દિલ્હી ચકલાથી હલીમની ખડકી તરફ જઇ શકાશે.

(૬) શાહપુર અંદરથી આવતા વાહન ચાલકોને દુધેશ્વર અથવા લાલાકાકા હોલ.તરફ જવા માટે શાહપુર ચાર રસ્તાથી ડાબી તરફ વળી શંકરભુવન ડીવાઇડર કટથી જમણી તરફ વળી અદ્વૈત આશ્રમ થઇ રાહત રેસ્ટોરંન્ટ ચાર રસ્તા થઇ મારવાડીની ચાલી થઇ લાલાકાકા હોલ તરફ અને દુધેશ્વર તરફ જઇ શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૯/૧૦/૨૦૧૮ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૯ / ૯ /૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.




તા.૯/૯/૨૦૧૮
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) રજીસ્ટ્રારશ્રી નામદાર ગુજરાત હાઇકોર્ટ,સોલા, અમદાવાદ
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક, વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર.પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.

(૭) વિભાગીય નિયામકશ્રી, G.S.R.T.C., ગીતામંદીર, આસ્ટોડીયા દરવાજા પાસે, અમદાવાદ શહેર

(૮) જનરલ મેનેજરશ્રી,B.R.T.S.,જનમાર્ગ લિ., મધ્ય ઝોનની કચેરી, અ.મ્યુ.કો., ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, અમદાવાદ શહેર

(૯) ડાયરેક્ટરશ્રી, A.M.T.S., અમદાવાદ મ્યુનિ.ટ્રાન્સપોર્ટ સર્વિસ, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર

(૧૦) શ્રી એસ.એસ.કેડીયા,GM/C/EW (MEGA), બ્લોક નં.૦૧,પહેલો માળ, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેક્ટર ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨ ૦૧૦